## દમણ-દીવ દાનહની ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ એડવાઈઝરી કમિટીની બેઠક

# પ્રશાસક સમક્ષ ઉદ્યોગકારોનો આક્રોશ

# પહેલા ગુંડાગર્દી, ખંડણીના દૂષણને ડામો

વાપી. તા. ૨૪

સંઘપ્રદેશ દમણ-દીવ અને દાદરા નગરહવેલી માટે પ્રશાસક આશિષ કુંદ્રાએ બનાવેલી કોમન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એડવાઈઝરી કમિટીની પ્રથમ બેઠક જે હોટલ ઓબેરાય ટાવર્સ મુંબઈ ખાતે યોજાઈ હતી. એમાં પ્રશાસનનાં વિવિધ વિભાગોમાં મંજૂરી મેળવવામાં કે કામ કઢાવવામાં પડતી હાડમારી અને સર્જાતા વિલંબ બાબતે ઉદ્યોગકારો દ્વારા ખાસ્સો આક્રોશ ઠલવાતા પ્રશાસક દિગ્મુઢ બનેલા જણાયા હતાં.

બાવીસ સભ્યો ધરાવતી આ સમિતિમાં પ્રશાસનનાં પ્રશાસક સમેત છ અધિકારી અને દમણનાં ચાર વત્તા દાદરા-નગરહવેલીનાં બાર ઉદ્યોગકારો સભ્યો છે. એમાં લગભગ બધા જ નિયુક્ત સભ્યોની હાજરીવાળી આ સભામાં પ્રશાસનનાં વિવિધ વિભાગોમાં કામ કે અરજીનાં નિકાલ માટે વેઠવી પડતી હાડમારીનો ચિતાર અપાયો હતો. કન્સ્ટ્રકશન પરમિશન નહીં મળવી, વિજપ્રવાહ મેળવવા માટે થતા ધરમધક્કા, વેટ રિફંડ મેળવવામાં બિનજરૂરી વિલંબ, રાજકીય ઓથ હેઠળ

### તંત્રમાં મંજૂરી મેળવવામાં કે કામ કઢાવવામાં પડતી હાલાકીનો ચિતાર રજૂ કરાયો

વકરેલી ખંડણીનું દૂષણ, કાયદો અને વ્યવસ્થાની ખાસ કરીને દમણમાં ખાડે ગયેલી સ્થિતિ વિગેરે બાબતોનો ઉદ્યોગકારોએ પ્રકાશ પાડીને સારા વાતાવરણનાં સર્જન માટેની અપેક્ષા સેવી હતી.

જ્યારે અહીં કાર્યરત ઉદ્યોગો જ ભરાઇ પડયાની સ્થિતિનો અનુભવ કરતા હોય, ત્યારે નવા ઔદ્યોગિક રોકાણ માટે પ્રશાસનની કાર્યશૈલીમાં સુધારો થવો આવશ્યક હોવાનો મત બહુધા સભ્યોએ વ્યક્ત કર્યો હતો. અને ગુંડાગર્દી, ખંડણીના દૂષણને ડામવા કડક રવૈયો અપનાવવા આગ્રહ કરાયો હતો. પ્રદેશમાં રોકાણ કરવા આવનારને સારા વાતાવરણનો અહેસાસ થવો જરૂરી હોવાનું પણ સૌએ વર્ણવ્યુ હતું. જમીન ખરીદવા ટાણેથી કન્સ્ટ્રકશન કરવામાં ઉભી કરાતી અડચણો, ટ્રાન્સપોર્ટ અને લેબર તથા લેબર સપ્લાયનાં કોન્ટ્રાકટ માટે થતી જોરમતલબી અને સતત ટપોરીગીરીનાં આતંકને ડામવા સૌ પ્રથમ પોલીસ અને પ્રશાસન કટિબદ્ધ હોવાની વિશ્વસનિયતા ઉભી કરવામાં પોતાની શક્તિ ખર્ચે એ અત્યંત મહત્વનું હોવાનું પણ અધિકારીઓને જણાવાયુ હતું.

---

# ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ એડવાઈઝરી કમિટીની બેઠક બાદ તંત્ર જ ભીંસમાં

વાપી. તા. ૨૫

સંઘપ્રદેશોની કોમન ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ એડવાઈઝરી કમિટીની મુંબઈની પાંચ સિતારા હોટલમાં પ્રશાસક આશિષ કુંદ્રા દ્વારા બોલાવાયેલી પ્રથમ બેઠક પ્રશાસનની પોલ ખોલ બેઠક બની રહ્યા બાદ સંઘપ્રદેશનું વહીવટી તંત્ર ભીંસમાં આવેલું જણાયું છે.

અગ્રણી ઉદ્યોગપતિઓએ રૂ. ૫૦૦ કરોડથી વધુનાં છેલ્લા ચાર વર્ષથી વેટ રિફંડ બાકી હોવાનો કરેલો ઘટસ્ફોટ, વિદ્યુત વિભાગ દ્વારા વીજપ્રવાહ મેળવવા અરજદારને લાઇન ખેંચવા કે ટ્રાન્સફોર્મર બેસાડવા કરાતો દુરાગ્રહ, પોલીસની હપ્તા મેળવવાનાં આગ્રહ સાથે સતામણી ઉપરથી બંને રાજકીય પક્ષોનાં કહેવાતા કાર્યકરોની હપ્તા કાજે જોરમતલબી, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મંજૂરી માટેની સરળતા સામે સંઘ પ્રદેશોમાં ખાસ્સી હાડમારી, પોલ્યુશન સંલગ્ન મંજૂરી, એન.ઓ.સી.ની કાર્યવાહીમાં ભારે પરેશાની જેવી અનેકવિધ ફરિયાદોનાં નિરૂપણથી પ્રશાસનિક અધિકારીઓને મૌનીબાબા બની રહેવાની ફરજ પડી હતી.

### ફરિયાદોના ખડકલાથી પ્રશાસનનાં અધિકારીઓ મૌન થઈ ગયા

### ઉદ્યોગકારોને વેટ રિફંડમાં વિલંબ મામલે ઉગ્ર રજૂઆત થઈ

એક દમણનાં ઉદ્યોગપતિએ તો વેટ રિફંડનાં મામલે બિનજરૂરી વિલંબ અને પાંચ ટકાનું નૈવેદ્ય ધરવાનાં તથાકથિત આગ્રહને ટાંકતા અમે ભિખારી નથી કે ભીખ નથી માંગતા પણ અમારા ભરેલા અને નિયમાનુસાર પરત મેળવવાનાં થતા રૂપિયા જ માંગતા હોઇએ છીએ એવો બળાપો ઉગ્રસાદે ઠાલવ્યો હતો.

પ્રશાસનિક વર્તુળમાં આ મિટિંગનાં નિષ્કર્ષનાં થઇ રહેલા લેખાજોખામાં એક પોલીસ અધિકારીની રૂપિયા પડાવવાની નીતિ પણ જવાબદાર હોવાનું મનાય છે. આ બાબતે બંને પ્રદેશોનાં સાંસદ તથા રાજકીય અગ્રણીઓનું મૂકપ્રેક્ષક બની રહેવાનુ વલણ અહીં પરિસ્થિતિને વકરાવવામાં નિમિત્તે બની રહ્યાનું વર્ણવાઇ રહ્યું છે.